ગાંધીનગર સમાચાર

ગાંધીનગરને વિશ્વકક્ષાનું શહેર બનાવવા સરકાર પ્રતિબદ્ધ : નિતિન પટેલ

સરખેજ-ગાંધીનગર- ચિલોડાના છ માર્ગીય રોડ પર આવતા અન્ય ફ્લાયઓવરના કામો આગામી ત્રણ માસમાં પૂર્ણ કરાશે : ગાંધીનગરના પ્રવેશદ્વાર ઉવારસદ ખાતે ફ્લાયઓવર અને ત્રિ મંદિર અડાલજથી હનુમાન મંદિર સુધીના ૧૦ માર્ગીય રસ્તાનું લોકાર્પણ કરતાં નાયબ મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૫

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે પ્રજાના પૈસાનો પ્રમાણિકતાથી આયોજનપૂર્વક અને દીર્ઘદ્રિષ્ટિથી ઉપયોગ કરી વિકાસ કામોનું આયોજન કરવાનો અમારો નિર્ધાર છે. જેના પરિણામે જ વિકાસ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં રોલમોડલ બની રહ્યુ છે.

આજે ગાંધીનગરનાં પ્રવેશદ્વાર એવા ઉવારસદ જંકશન ખાતે રૂા.૧૭ કરોડના ખર્ચે નવનિર્મિત ફ્લાયઓવર અને રૂા. ૨૧.૬૭ કરોડના ખર્ચે નિર્મિત ત્રિમંદિર અડાલજથી હનુમાન મંદિર સુધીના ૧૦ માર્ગીય રસ્તાનું લોકાર્પણ કરતા નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે સરખેજ-ગાંધીનગર-ચિલોડા માર્ગને રૂા.૮૫૦ કરોડના ખર્ચે છ માર્ગીય બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યુ છે. આ માર્ગ પર આવતા તમામ સર્કલ પર ફ્લાયઓવર બની રહ્યા છે તે પૈકી અમદાવાદ શહેરના બે ફ્લાયઓવરનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહની વર્ચુઅલી ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સંપન્ન કરાયું છે. આજે આ ત્રીજા ફ્લાયઓવરનું લોકાર્પણ કરાયુ છે અને આગામી ત્રણ માસમાં અન્ય ફ્લાયઓવરના કામો પૂર્ણ કરવાનું અમારુ આયોજન છે જેના પરિણામે ગાંધીનગરમાં દેશભરમાંથી આવતા નાગરિકોના સમયની સાથે સાથે સુરક્ષામાં વધારો અને પેટ્રોલ ડિઝલની બચત થશે તેમજ ટ્રાફિકનું ભારણ પણ ઘટશે.

નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ છે કે, દેશનું એક માત્ર રાજ્ય ગુજરાત છે કે જ્યાં બે શહેરોને જોડતા છ માર્ગીય હાઈવે પર ફ્લાયઓવર અને ૪ કિ.મી.નો એલીવેટર બ્રીજનું કામ પણ ચાલુ છે જે પણ તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે, ગુજરાતનું પાટનગર ગાંધીનગર એ ગુજરાતનું હૃદય છે. ગાંધીનગરને વિશ્વ કક્ષાનું શહેર બનાવવા માટે પણ અમે નક્કર આયોજન કર્યુ છે અને આગામી સમયમાં તમામ પ્રકારની સવલતોનું નિર્માણ કરાશે.

નાયબ મુખ્યમંત્રી પટેલે કહ્યુ કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''સૌનો સાથ સૌનો વિકાસ''ના મંત્ર ને ચરિતાર્થ કરવા માટે આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી સરકાર જે ટીમવર્કથી કામગીરી કરી રહી છે. જેના પરિણામે ગુજરાતના નાગરિકો અમારા ઉપર વિશ્વાસ રાખે છે તેને ચરિતાર્થ કરવાની પણ અમારી જવાબદારી અમે સુપેરે નિભાવી રહ્યા છીએ. અમારા પ્રમાણિક વહીવટ અને પ્રજાકીય સહયોગ તથા દ્રિષ્ટવંત આયોજનને પરિણામે કોરોનાના કપરા કાળમાં પણ એકપણ કર્મચારીનો પગાર એક દિવસ મોડો થવા નથી દીધો. અન્ય રાજ્યોમાં શું પરિસ્થિતી હતી તે આપણે જાણીએ છીએ. આજે જી.એસ.ટી. અને વેટની આવકમાં પણ વધારો થયો છે. પેટ્રોલ, ડીઝલ, સી.એન.જીનું વેચાણ પણ વધ્યુ અને તેની આવક પણ ઉત્તરોત્તર વધી છે. એટલું જ નહિ કોરોનાનું સંક્રમણ રોકવા તથા સંક્રમિત નાગરિકોને ગુણવત્તાલક્ષી સારવાર આપવા માટે અંદાજે રૂા.૧૦૦૦ કરોડથી વધુના ખર્ચે સરકારે વિનામૂલ્યે સારવાર પૂરી પાડી છે. જ્યારે આગામી ૧૬મી જાન્યુઆરીથી કોરોના માટે વિશ્વના સૌથી મોટા વેક્સિનેશન કાર્યક્રમની શરૂઆત વડાપ્રધાનશ્રી ના હસ્તે દેશભરમાં થવાનો છે એ સંદર્ભે ગુજરાતે પણ સંપૂર્ણ તૈયારી કરી લીધી છે અને એ દિવસે ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને પ્રથમ તબક્કામાં રસી અપાશે તેમ તેમણે ઉમેર્યુ હતુ.

આ પ્રસંગે અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલ,ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, માર્ગ મકાન વિભાગના સચિવ એસ.વી.વસાવા, જિલ્લાના પદાધિકારીઓ અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

હરિપુરા (બોરિયા) ગામે કોરોના રસીકરણ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧૫

ગૂજરાત વિદ્યાપીઠ - મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના આરોગ્ય કેન્દ્ર તથા હરિપુરા (બોરિયા) ગામના આંગણવાડી કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે હરિપુરા (બોરીયા) ગામના ગ્રામજનો માટે કોરોના રસીકરણ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાએ કોરોના રસી અંગેની અફવા અને ગેરમાન્યતાઓ દૂર કરવા માટેનો વાર્તાલાપ કર્યો હતો. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલએ કોરોના સંક્રમણથી ડરવાની જરૂર નથી. કોરોના સંક્રમણને હરાવવા માટેની સાવધાની રાખવાની જરૂર છે તે અંગે માહિતી આપી હતી.આંગણવાડી સંચાલિકા સુનેનાબેન સાધુએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર દર્શન કર્યું હતું.

કોરોના કાળમાં આગવી ઓળખ આપનાર દસ મહિલા સાહસિકોનો સન્માન સમારોહ

કોરોનાના કપરાકાળ દરમિયાન એવા મહિલા સાહસિકોએ પોતાના ક્ષેત્રમાં અકલ્પનીય સેવા આપી છે. જેમનું સન્માન કરવાનો કાર્યક્રમ અમદાવાદમાં આવેલ રિસ્ટ્રેટો રેસ્ટોરેન્ટ ખાતે યોજાયો હતો. આ મહિલા સાહસિકોને ગુજરાત યુનિવર્સિટીના પત્રકાર વિભાગનાં વડા પ્રો. સોનલ પંડયા દ્વારા સન્માન પત્ર આપી નવાજવામાં આવ્યા હતા.

'યુવા દિવસ' નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વેબિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

યુવા દિવસ નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા તા.૧૨.૦૧.૨૦૨૧ના રોજ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં યુનિવર્સીટી વિદ્યાર્થીઓ, શૈક્ષણિક , બિન શૈક્ષણિક તેમજ ફેસબુક દ્વારા ૭૦૦થી પણ વધારે લોકો સહભાગી બન્યા હતા. આજના વિષય નિષ્ણાત તરીકે નરેન્દ્રભાઈ ત્રિવેદી, ગુજરાત પ્રાંતપ્રમુખ-વિવેકાનંદ કેન્દ્ર ,પાલીતાણા દ્વારા સુંદર વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. દેશ અને સમાજના વિકાસ માટે યુવાનોએ આગળ આવવા માટે વાત કરી હતી. સ્વામી વિવેકાનંદજીના જીવન વિશે ગહન ચર્ચા કરી હતી. નરેન્દ્રભાઈ ત્રિવેદીએ વધુમાં ઉમેરતા કહ્યું હતું કે મનુષ્યએ પોતાના કર્મો અને કાર્યોને ઉજાગર કરવા જોઈએ.

ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીના કુલગુરુ હર્ષદભાઈ શાહના વક્તવ્યમાં સ્વામી વિવેકાનંદની વિચારધારાને ભારતના યુવાનોએ રસપાન કરવાની વાત કરી હતી અને સ્વામી વિવેકાનંદને ''યોધ્ધા સંન્યાસી'' તરીકે ઓળખાવ્યા હતા. આજના વેબિનારમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આદરણીય કુલસચિવ ડૉ. અશોકભાઈ એન. પ્રજાપતિ તેમજ સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝના ડાયરેક્ટર ડૉ. ભાનુભાઈ ઢીલા માર્ગદર્શન પુરું પાડયું હતું અને સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ રીનાબહેન રાઓલે પ્રેરક ઉદ્બબોધન આપ્યું હતું. વેબિનારનું સંચાલન સમાજકાર્ય વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડો. નરેન્દ્રકુમાર વસાવા દ્વારા કરાવામાં આવ્યું હતુ. કાર્યક્રમને અંતે આભારવિધિ સમાજકાર્ય વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડો.શૈલેષ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

જાન્યુઆરી મહિનામાં ઉત્તરાયણના પર્વ નિમિત્તે દાન કરવાનો ખૂબ જ મહિમા છે. જેને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. તો બાળકો પણ 'શેરિંગ ઈઝ કેરિંગ' ની ભાવનાઓને સમજે તે હેતુથી વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં જરૂરિયાતમંદ લોકો ને આપણાથી બનતી કંઈક મદદ થાય એ હેતુથી બાળકોએ, વાલીઓએ તથા સ્કૂલ ફેકલ્ટીઝ એ જરૂરિયાતમંદ લોકો ને રમકડા, બિસ્કીટના પેકેટ, સ્વેટર, કપડા ખાવાની ચીજ વસ્તુઓ તથા ફળ, ચીકી, પતંગ વગેરે વસ્તુઓ વહેંચી અને તેમની ખુશીમાં તેમને પણ સામેલ કર્યા હતા. ઉતરાયણમાં પતંગ ચગાવવા નો અનેરો ઉત્સાહ હોવા છતાં બાળકો , વાલીઓ અને ફેકલ્ટીઝ આ સત્કાર્યમાં ઉત્સાહપૂર્વક સામેલ થયા હતા અને જરૂરિયાત મંદ લોકો ને વસ્તુ આપી અને 'શેરિંગ ઈઝ કેરિંગ'ની ભાવનાને સાર્થક કરી હતી. આ રીતે વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં જરૂરિયાત મંદ લોકોને પણ પોતાની ખુશીમાં સામેલ કરી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ખાતે મકરસંક્રાંતી પર્વ નિમિતે વિશેષ પૂજા થઈ

ગાંધીનગર, તા. ૧૫

શ્રી સોમનાથ તીર્થધામમાં મકરસંક્રાંતી ની વિશેષ ઉજવણી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ. જેમનો પુણ્યકાળ સુર્યોદય થી સુર્યાસ્ત સુધી રહેશે. જ્યારે સુર્ય મકર રાશીમાં પ્રવેશ કરે છે ત્યારે મકર સંક્રાંતી મનાવવામાં આવે છે. આ જ્યોતિની ભૂમી એટલે પ્રભાસક્ષેત્ર અહી અનેક સુર્યના મંદિરો પણ આવેલ છે. સંક્રાંત પર્વ શ્રી સોમનાથ તીર્થ ખાતે સુર્યપૂજા કરવી એ અનેક રીતે પુણ્યદાયી માનવામાં આવે છે.

શ્રી સોમનાથ મંદિર ખાતે મકરસંક્રાંતી પર્વ નિમિતે સવારે ૦૮:૦૦ કલાકે સુર્ય પૂજન, સવારે ૦૯:૦૦ કલાકે ગૌપૂજન શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલમેનેજરશ્રી દ્વારા કરવામાં આવેલ, ઓનલાઈન ગૌપૂજા પણ યજામાનો એ કરેલી હતી, ૦૬ જેટવી ગીરગાયનું દાન શ્રી સોમનાથ ટ્રસ્ટને મળેલુ હતુ, જે ૦૬ ગાયોને યજમાન પરિવારોએ દતક લીધેલ હતી. તેમજ સોમનાથ મહાદેવને મધ્યાહન પૂજનમાં તલથી અભિષેક કરવામાં આવેલ. શ્રી સોમનાથ મહાદેવને સાંજના વિશેષ તલનો શ્રુંગાર કરવામાં આવશે. તીર્થ સ્થળમાં મકરસંક્રાંતીના દિવસે જપ,તપ,દાન તથા તીર્થસ્નાન એવં પૂજનનું વિશેષ માહાત્મ્ય છે.

શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના દ્વારા જળ સંરક્ષણ વિષય પર વેબીનારનો આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકો દ્વારા જળ સંરક્ષણ વિષય પર વેબીનારનો આયોજન કરવામાં આવ્યું જેમાં કોલેજના યુવા વિધાર્થીઓએ કેવી રીતે જળ બચાવી શકે અને જળનું જીવનમાં કેટલું મહત્વ છે આ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના માનદ નિયામક ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી સાહેબ યુવા સાથીયોને ગાંધીજીના માર્ગે સંપોષિત વિકાસને ધ્યાનમાં રાખી કઈ રીતે નાના પ્રયોગો દ્વારા જળ બચાવી શકાય અને તેના પાયલોટ પ્રયોગો ગૂજરાત વિધાપીઠમાં કઈ રીતે ચાલે છે તેની વિસ્તૃત માહિતી આપી હતી અને ગૂજરાત વિધાપીઠના સાદરા અને અન્ય પરિસરોમાં કેવા કેવા જળ સરંક્ષણની તકનીકો ચાલે છે તે પણ જણાવ્યું હતું વેબીનારમાં અતિથિયોના સ્વાગત સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ આપ્યું હતું અને આ કાર્યક્રમની પૂર્વ ભૂમિકા આપી હતી જયારે ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ અરુણ ભાઈ ગાંધી સાહેબે ગુજરાત અને રાષ્ટ્રના રાષ્ટ્રીય સેવા યોજના સંગઠનના સ્વય સેવકોએ કેવી રીતે આખા ભારતમાં જળ બચાઓ અને જળ સંરક્ષણની કામગીરી કરે છે તે વિષયની માહિતી આપી હતી કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે ગુજરાત સરકારના ઉચ્ચશિક્ષણની કચેરીના નાયબ નિયામક બીપીનચંદ્ર નીનામા હાજર રહ્યા હતા અને વિધાર્થીઓને સરકાર અને સમાજ સેવી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવલી જળ બચાઓ ઝુંબેશના વિવિશ દાખલાઓ બતાવીને સમજુતી આપી હતી.

અને આ કાર્યક્રમ માટે ગૂજરાત વિધાપીઠને આવકાર્યું હતું અને આજના સંદર્ભમાં આવા જાગરુકતા અભિયાનોની તાતી જરૂરિયાત છે તે જણાવ્યું હતું વક્તા તરીકે ગીર સંસ્થાના આલાપભાઈ પંડિત સાહેબે જળ વિષયની ગહન જાણકારી આપી હતી તેમને જળની ઉત્પત્તિથી લઇ તેની એતિહાસિક પૃષ્ઠભૂમિ વિષય વિસ્તૃત માહિતી આપી હતી જયારે ગૂજરાત વિધાપીઠના સેવક મનોજભાઈ જોષીએ ગૂજરાત વિધાપીઠમાં ચાલતા વિવિધ જળ સંરક્ષણના પ્રયોગોની ચર્ચા કરી હતી અને ગાંધીજી સ્થાપિત વિધાપીઠના સંચાલકોએ જળ સંરક્ષણ અને જળ બચાઓના વિચારો પર કેટલું કામ કરી રહ્યા છે તે જણાવ્યું હતું અને ગ્રે વાટર અને બ્લેક વાટર વિશે વિધાર્થીઓને અંતર સમજાવ્યું હતું અને ગૂજરાત વિધાપીઠના સાદરા પરિસરમાં ચાલતા વાટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ખંબાતી કુવા અને પાણી સંરક્ષણની માટલા કુવા વિશે વિસ્તૃત માહિતી આપી હતી કાર્યક્રમની આભાર વિધિ ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા સાહેબે આપી હતી જયારે સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટએ કર્યું હતું



ફિટ ઈન્ડિયા અંતર્ગત રાજ્યકક્ષાની યુવા ચિત્રકલા સ્પર્ધાનું આયોજન

તા.૩૦ જાન્યુઆરી સુધીમાં કૃતિ મોકલવાની રહેશે

ગાંધીનગર, તા. ૧૫

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી અમદાવાદ દ્વારા 'ફિટ ઈન્ડિયા'' કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ભાગ લઈ શકશે. સ્પર્ધકે છ૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર 'ફિટ ઈન્ડિયા' વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવીને અને કૃતિ પાછળ સ્પર્ધકનું નામ, સરનામું, મો.નં, ઈ-મેઈલ આઈ.ડી જેવી વિગતો ભરીને તા.૩૦/૦૧/૨૦૨૧ સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સાતમો માળ, રવિશંકર રાવળ કલા ભવન , અમદાવાદ ખાતે બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલવાની રહેશે. તેમજ કૃતિની સાથે સ્પર્ધકે પોતાના ઉંમરના પુરાવા તરીકે આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સની ઝેરોક્ષ નકલ પણ આપવાની રહેશે. ત્યારબાદ આ કૃતિઓમાંથી ૧૦ કૃતિઓ પસંદ કરવામાં આવશે અને તા.૧૧-૦૨-૨૦૨૧ ના રોજ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ખાતે આ પસંદગી પામેલ ૧૦ કલાકારો વચ્ચેની રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી પ્રથમ વિજેતાને રૂ.૧૦,૦૦૦, દ્વિતિય વિજેતાને રૂ.૭૫૦૦ અને તૃતીય વિજેતાને રૂ.૫૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૨૫૦૦નું પ્રત્યેકને મુજબ રોકડ ઈનામો આપવામાં આવશે.

જન્મદિને વધામણી

લતાબેન વ્યાસ

નિશાંત એસ ઠાકર

ધરતી એસ. ઠાકર

રૂદ્ર તેજસકુમાર દવે

પ્રાપ્તિ રાઠોડ

સિદ્ધિ
ચિંતનકુમાર ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૧૧૧

કલગી પંકજ દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫

આહના અમિત પંડ્યા

પ્રથમેશસિંહ એચ ગોહિલ
મો. ૯૪૨૮૬ ૯૬૧૩૦

પૃથ્વી અશ્વિન પંડ્યા
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪

માસ્ક પહેરો...
સ્વસ્થ રહો...